સીટીઝન ચાર્ટરને કેબિનેટની મંજુરી

નવી દિલ્હી,તા. ૭

કેન્દ્રિય કેબિનેટે આજે તમામ જરૂરી નાગરિક સેવાને વધુ ઝડપી બનાવવાની દિશામાં મોટુ પગલુ લીધુ હતું. જેના કારણે દેશના લોકોને તમામ જરૂરી સેવા એક નક્કી કરવામાં આવેલી સમયમર્યાદામાં મળી શકશે. કેન્દ્રિય કેનિબેટે આજે પેન્શન, પાસપોર્ટ, જાતિના પ્રમાણપત્ર, મૃત્યુના પ્રમાણપત્ર અને રેશનિગ કાર્ડ તેમજ ટેક્સ રિફંડ જેવી અતિ જરૂરી સેવા લોકોને અધિકારીઓને સમયબદ્ધ અવધિમાં ઉપલબ્ધ કરાવવી પડશે. નાગરિકોને નક્કી કરવામાં આવેલી અવધિમાં આ તમામ સેવા જો પુરી પાડવામાં નહી આવે તો ડિફોલ્ટરને દરરોજના ૨૫૦ રૂપિયાનો દંડ કરાશે. અને મહત્તમ ૫૦૦૦૦ સુધીનો દંડ કરાશે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં મળેલી કેન્દ્રિય કેબિનેટની બેઠકમાં આ બિલને મંજૂરી આપવામાં આવી હતી. રાઈટ ઓફ સિટિઝન ફોર ટાઈમ બાઉન્ડ ડિલિવરી ઓફ ગુડ્સ એન્ડ સર્વિસ એન્ડ રિડ્રેસલ બિલને આજે મંજૂરી આપવામાં આવી હતી. બિલમાં કેટલીક કઠોર જોગવાઈ સંબંધિત અધિકારીઓ માટે કરવામાં આવી છે. જેથી જુદા જુદા વિભાગના કર્મચારીઓને ઝડપથી લોકોને તેમની સેવા આપવી પડશે. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે તેમની ફરજ બજાવવામાં નિષ્ફળ રહેનાર સરકારી અધિકારીને ૫૦૦૦૦ રૂપિયા સુધીનો દંડ કરવામાં આવસે. દરેક સરકારી સત્તાવાળાઓને સિટિઝન ચાર્ટર પ્રકાશિત કરવા આદેશ આપવામાં આવનાર છે. સુત્રોએ કહ્યું છે કે સમયબદ્ધ સેવા આપવા સાથે સંબંધિત બિલની હદમાં એનઆરઆઈના સમાવેશના મામલે જુદી રીતે મંત્રાલય દ્વારા કામ કરવામાં આવશે. એનઆરઆઈના કેસમાં કાયદા મંત્રાલય અને અંગત જાહેર અને ફરિયાદ નિવારણ તેમજ પેન્સન મંત્રાલય વિભાગ ધ્યાન આપશે. આ બિલમાં એક કોલ સેન્ટરની સ્થાપના કરવા કસ્ટમર સેન્ટર સ્થાપિત કરવા જાહેર સત્તાવાળાઓ માટે ફરજિયાત બનાવવામાં આવશે. બિલમાં કેન્દ્ર અને દરેક રાજયમાં એક જાહેર ફરિયાદ નિવારણ કમીશનની રચના કરવાની પણ વાત કરવામાં આવી છે. તેની જોગવાઈ મુજબ કમીશનના નિર્ણયથી નાખુશ એક વ્યક્તિ કેન્દ્રમાં



લોકપાલ સમક્ષ અપીલ કરી શકશે. જ્યારે રાજ્યોમાં લોકાયુક્ત સમક્ષ અપીલ કરી શકશે. કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા આપવામાં આવતી તમામ સેવા બિલ હેઠળ સમયબદ્ધ રીતે નાગરિકોને આપવામાં આવશે. ગયા મહિનામાં સંસદના સંયુક્ત સત્રમાં સંબોધતા રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ કહ્યું હતું કે તેમની સરકાર આ સંબંધમાં સુચિત બિલ લાવશે.

અનેક રાજયો ચોક્કસ સેવાઓ સમયબદ્ધ રીતે આપવાની ઓફર કરે છે. કેન્દ્ર સરકાર સામે વર્ષ ૨૦૧૧માં સામાજિક કાર્યકર અણ્ણા હઝારે દ્વારા જોરદાર ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેના કારણે મનમોહનસિહ સરકાર હચમચી ઉઠી હતી.

સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે નવી વ્યવસ્થાથી લોકોની અધિકારીઓ પ્રત્યે નારાજગી દુર થશે. હાલમાં સામાન્ય લોકોની એવી ફરિયાદ છે કે સંબંધિત અધિકારીઓ ખુબ ધીમી ગતિએ કામ કરે છે જેથી નાના નાના કામ કરવા માટે પણ લોકોને ધક્કા ખાવા પડે છે. લોકો પરેશાન થઈ જાય છે. લોકપાલ મામલે અણ્ણાએ ઝુંબેશ ચલાવી હતી.

એફએમ રેડિયોની હરાજી યોજવા માટે લીલીઝંડી

નવી દિલ્હી,તા. ૭

માહિતી અને પ્રસારણ સચિવ ઉદય કુમાર વર્માએ આજે માહિતી આપતા કહ્યું હતું કે એક ઉચ્ચસ્તરીય પ્રધાનની પેનલે ૮૩૯ ચેનલો માટે તબક્કા-૩માં એફએમ રેડિયો લાયસન્સની હરાજી કરવા માહિતી અને પ્રસારણ મંત્રાલયને લીલીઝંડી આપી દીધી છે. તેમણે કહ્યું હતું કે ઈજીઓએમ દ્વારા ગઈકાલે જ આરએફપીમાં કેટલાક ફેરફાર કરવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા મોકલી દેવામાં આવેલી દરખાસ્તને લીલીઝંડી આપી દીધી છે. નાણાં પ્રદાન પી.

ચિદમ્બરમના નેતૃતવમાં સ્પેક્ટ્રમ અંગે મળેલી બેઠકમાં દરખાસ્તને મંજૂરી આપી દેવામાં આવી હતી. વર્માએ કહ્યું હતું કે આ વર્ષે તમામ ૮૩૯ રેડિયો સ્ટેશનની હરાજી પૂર્ણ કરી લેવામાં આવસે. મંજૂરીનો મતલબ એ થયો કે દેશમાં ૮૩૯ નવા રેડિયો સ્ટેશન સ્થાપિત કરવામાં આવસે. આનાથી સરકારને ૧૫૦૦ કરોડ રૂપિયા ઉભા કરવામાં મદદ મળશે. તબક્કા-૧ અને બેની હરાજી મારફતે ૩૧મી મે ૨૦૧૧ સુધી ૧૭૩૩ કરોડ ઉભા કરવામાં આવ્યા હતા. તેમના બજેટ ભાષણમાં નાણાંપ્રધાન પી. ચિદમ્બરમે કહ્યું હતું કે સરકાર ૨૯૪ શહેરોમાં ખાનગી એફએમ રેડિયો સેવા ફેલાવવાની યોજના ધરાવે છે. હાલમાં ૮૬ શહેરોમાં એફએમ રેડિયો સ્ટેશનની સુવિધા છે.

ઓક્ટોબર પહેલા દેશમાં ફ્રી રોમિંગની શરૂઆત થઈ જશે

નવી દિલ્હી,તા. ૭

ટેલિકોમ પ્રધાન કપિલ સિબ્બલે આજે કહ્યુ હતુ કે સરકાર આ વર્ષે ઓક્ટોબર પહેલા ગ્રાહકો માટે નેશનલ ફ્રી રોમિંગ સેવા શરૂ કરવાની તૈયારીમાં છે. લોકોને દેશભરમાં ફ્રી રોમિંગની સુવિધા મળે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. નેશનલ ઈન્ટરનેટ રજીસ્ટ્રી (એનઆઈઆર)ના લોન્ચના પ્રસંગે એક કાર્યક્રમના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા સિબ્બલે કહ્યુ હતુ કે ટ્રાઈ દ્વારા નેશનલ ફ્રી રોમિંગ અંગે સલાહકાર પેપરો તૈયાર કરી લીધા છે જેથી જ્યારે ટ્રાઈની ભલામણો આવી હતી ત્યારબાદ જ અમે ફ્રી રોમિંગની સેવા શરૂ કરવા અંગે વિચારણા કરવા લાગી ગયા હતા. ડિસેમ્બર મહિનામાં ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા નેશનલ રોમિંગ સર્વિસ માટે ટેરિફ અંગે સંબંધિતો પાસેથી જરૂરી અભિપ્રાયો મેળવવાની શરૂઆત કરવામાં આવી હતી.

નેશનલ રોમિંગ સર્વિસના પાસાઓ પર જરૂરી મત લેવામાં આવ્યા હતા. કોલ રેટના મામલે પણ ચર્ચા કરવામાં આવી હતી. હાલમાં ટેલિકોમ ઓપરેટરો ટર્મિનેશન ચાર્જ, ઈન્ટર કનેક્ટ ચાર્જ જેવા જુદા જુદા ચાર્જ વસૂલ કરે છે. અન્ય નેટવર્ક પર તેમના કસ્ટમરોને કોલ પૂર્ણ કરવા બદલ આ ચાર્જ લેવામાં આવે છે. પ્રધાને કહ્યુ છે કે નાણામંત્રી પી ચિદમ્બરમના નેતૃત્વમાં સ્પેક્ટ્રમ અંગે એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની મિટિંગ મળી હતી જેમાં સ્પેક્ટ્રમ હરાજી સાથે સંબંધિત પાસાઓ પર ચર્ચા વિચારણા થઈ હતી. સિબ્બલે નેશનલ ઈન્ટરનેટ રજીસ્ટ્રીની શરૂઆત કરી હતી. આનાથી આઈપી એડ્રેસ પ્રોસેસિંગનો ખર્ચ ઘટી જશે. ઈલેક્ટ્રોનિક એન્ડ ઈન્ફરમેશન ટેકનોલોજી ડિપાર્ટમેન્ટે અગાઉ નેશનલ ઈન્ટરનેટ એક્સચેન્જ ઓફ ઈન્ડિયાને એનઆઈઆરના ઓપરેશનની મંજુરી આપી હતી. આ ઘટનાક્રમને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે.

આઈટીસી ૧૪ મહિનામાં ડેરી માર્કેટમાં પ્રવેશ કરશે

નવી દિલ્હી,તા. ૭

અમુલ, નેસ્લે અને બ્રિટાનિયા હાલમાં ભારતીય ડેરી માર્કેટમાં પ્રભુત્વ ધરાવે છે. આ તમામ બ્રાન્ડની બોલબાલા વચ્ચે હવે સ્પર્ધા વધુ તીવ્ર બનાવવા માટે આઈટીસી પણ મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. ડાઈવર્સિફાઈડ કંપની આઈટીસી આગામી ૧૪ મહિનમાં દુધની કેટલીક પ્રોડક્ટસ લોંચ કરવાની તૈયારી છે. આઈટીસી ડેરી માર્કેટમાં પ્રવેશ કરનાર છે તેવી હિલચાલથી મોટી બ્રાન્ડમાં પણ નવી હિલચાલ શરૂ થઈ ગઈ છે. આઈટીસી ફુડ ડિવીઝનના ડિવીઝનલ સીઈઓ ચિત્રજંન દારે કહ્યું છે કે આઈટીસીની પ્રથમ ડેરી પ્રોડક્ટસ તેની પોતાની રહેશે. પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં દુધ પાઉડર, લોંગ લાઈફ પેકેજ દુધ અને અન્ય દુધની પ્રોડક્ટસનો સમાવેશ થાય છે. આઈટીસી તેના ઈન્ટેગ્રેટેડ એનિમલ હસબેન્ડ્રી પ્રોગ્રામના ભાગરૂપે ડેરી બિઝનેસની શરૂઆત કરનાર છે. હવે આ સ્તરને વધારવા માટે પણ કંપની તૈયાર છે.

આઈટીસીના નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું ચે કે જુલાઈ ૨૦૧૧માં ૩૧ ખેડુતો પાસેથી ૧૦૨ લીટરની સાથે શરૂઆત કર્યા બાદ માર્ચ ૨૦૧૨માં દરરોજ ૯૪૦૦ લીટર દુધનો જથ્થો એકત્રિત કરવામાં આવી રહ્યો છે. નિયમિત આધાર પર હવે ૧૩૦૦ ખેડુતો દુધનો જથ્થો પહોંચતો કરી રહ્યા છે. આ વર્ષ દરમિયાન આશરે ૧.૨ મિલિયન લીટર દુધની હેરફેર કરવામાં આવી ચુકી છે.

બિહારના મુંગેરમાં ૧૫૦ કરોડના જંગી ખર્ચે મહાકાય પ્રોસેસિંગ પ્લાન્ટ હાલ નિર્માણ હેઠળ છે. કંપની ટુંકા ગાળામાં તેના કદને વધુ વધારવાની પણ યોજના ધરાવે છે. પ્રોસેસિંગ પ્લાન્ટ સ્થાપિત કરાયા બાદ કંપનીને મોટી રાહત થશે. આઈટીસીની હિલચાલને બજારમાં નિષ્ણાંતો ખુબ મહત્વપૂર્ણ ગણે છે. નવા નામ સાથે કેટલીક બ્રાન્ડ હવે જોવા મળશે.

વિરેન્દ્ર સહેવાગની અંતે હકાલપટ્ટી કરાઈ

નવી દિલ્હી,તા. ૭

ભારતનો ધરખમ ઓપનિંગ બેટ્સમેન વિરેન્દ્ર સહેવાગને ઓસ્ટ્રેલિયા સામે રમાનારી છેલ્લી બે ટેસ્ટ મેચો માટેની ભારતીય ટીમમાંથી આખરે પડતો મૂકી દેવાતા તેની કેરિયરને લઈને નવા પ્રશ્નો ઉભા થઈ ગયા છે. છેલ્લા ઘણા સમયથી વિરેન્દ્ર સહેવાગ કંગાળ ફોર્મમાંથી પસાર થઈ ગયો હતો અને તેની હકાલપટ્ટી કરાશે તેવી ગણતરી થઈ રહી હતી. ધારણા પ્રમાણે જ આજે તેને પડતો મુકવાનો નિર્ણય કરાયો હતો. પસંદગીકારોએ પડતા મૂકવામાં આવેલા વિરેન્દ્ર સહેવાગની જગ્યાએ કોઈ રિપ્લેસમેન્ટની જાહેરાત કરી નથી આનો મતલબ એ થયો કે શિખર ધવન અથવા રહાણે મુરલી વિજય સાથે ઈનિંગ્સની શરૂઆત કરે તેવી શકયતા છે. મુરલી વિજયે હૈદરાબાદ ખાતે રમાયેલી બીજી

ટેસ્ટ મેચમાં શાનદાર સદી ફટકારી હતી. ભારત આ શ્રેણીમાં ૨-૦ની લીડ ધરાવે છે. ત્રીજી ટેસ્ટ મેચ ચંદીગઢના મોહાલી સ્ટેડિયમ ખાતે ૧૪મી માર્ચથી રમાનાર છે. જ્યારે ચોથી અને અંતિમ ટેસ્ટ મેચ ૨૨મી માર્ચથી દિલ્હીના ફિરોજશાહ કોટલા મેદાન પર રમાનાર છે. વિરેન્દ્ર સહેવાગ બંને ટેસ્ટ મેચોમાં બિલકુલ ફ્લોપ રહ્યો હતો. પસંદગીકારોએ ઝડપથી ફેરફાર કરીને કડક વલણ અપનાવ્યું છે. વિરેન્દ્ર સહેવાગ ખૂબજ કંગાળ ફોર્મમાં ચાલી રહ્યો હતો. ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા બંને શ્રેણીમાં સહેવાગ ફ્લોપ હતો. વિરેન્દ્ર સહેવાગ અને ગૌતમ ગંભીરની જોડી નિષ્ફળ રહી હતી. ગંભીરને પણ ખરાબ ફોર્મના કારણે આ શ્રેણી પહેલા જ પડતો મુકવામાં આવ્યો હતો. સહેવાગ સતત પાંચ ટેસ્ટ મેચોમાં નિષ્ફળ રહ્યો હતો. ગયા વર્ષે નવેમ્બર-ડિસેમ્બરમાં અમદાવાદમાં ઈંગ્લેન્ડ સામે ઘરઆંગણેની શ્રેણીની પ્રથમ ટેસ્ટ મેચમાં સદી ફટકાર્યા બાદથી સહેવાગ નિષ્ફળ હતો. તે ન્યૂઝિલેન્ડ સામે ઘરઆંગણે રમાયેલી બે ટેસ્ટ મેચમાં અડધી સદી પણ કરી શક્યો ન હતો. ઓસ્ટ્રેલિયામાં સહેવાગે આઠ ઈનિંગ્સમાં માત્ર ૧૯૮ રન કર્યા હતા. સહેવાગને બચાવવા માટે કોઈએ રજુઆત કરી ન હતી. પ્રથમ બે ટેસ્ટ મેચમાં પણ તે કંગાળ રહ્યો હતો.

મુંબઈથી દિલ્હી સંપૂર્ણ એસી ટ્રેન મેમાં દોડશે

મુંબઈ,તા. ૭

સેન્ટ્રલ રેલવે મુંબઈ અને નવી દિલ્હી વચ્ચે સંપૂર્ણપણે એરકન્ડીશન ટ્રેન દોડાવવાની યોજના ધરાવે છે. આ ટ્રેન મે સુધી શરૂ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. કેન્દ્રિય પ્રધાન પવનકુમાર બંસલે ૨૬મી ફેબ્રુઆરીના દિવસે રેલવે બજેટ રજુ કરતી વેળા આ ટ્રેનની જાહેરાત કરી હતી. સપ્તાહમાં એક વખત દોડનારી આ ટ્રેન બપોરમાં લોકમાન્ય તિલક ટર્મિનસથી રવાના થશે અને સવારમાં દિલ્હીમાં હજરત નિજામુદ્દીન સ્ટેશન સુધી પહોંચશે. આ ટ્રેન વાયા ભોપાલ, ખાંડવા અને ભૂષાવલથી દોડશે. સેન્ટ્રલ રેલવેના જનરલ મેનેજર સુબોધ જૈનનું કહેવું છે કે નવી દિલ્હી સુધી જતા યાત્રીઓની માંગણીને ધ્યાનમાં લઈને ઉનાળાના ગાળા દરમિયાન આ ટ્રેન શરૂ કરવામાં આવશે. આ ટ્રેનમાં વધુ એસી-૩ ટાયર કોચ રહેશે. આમાં એસી-૨ ટાયર અને ફસ્ટ એસી કોચ પણ રહેશે. સીઆરનું કહેવું છે કે રાજધાની જેવા પ્રિમિયર ક્લાસ ટ્રેનોમાં જે પ્રકારની સુવિધા હશે તેવી જ સુવિધા આમાં પણ રાખવામાં આવશે. એલએચબી કોચ હોવાથી યાત્રીઓને વધુ સુવિધાઓ મળશે. આ ટ્રેન શરૂ કરવાની તારીખ અને તેના ભાડા ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. મુંબઈ-હજરતનિજામુદ્દીન એક્સપ્રેસનો સમય રાજધાની કરતા થોડોક વધારે રહેશે કારણ કે આ ટ્રેન વધુ સ્ટેશન પર રોકાશે અને રૂટ પણ લાંબો રહેશે.

સમાચાર ઝલક

- થરાદમાં ૫૦૦ વર્ષ જૂનું ભોચરૂં મહાવીર જિનાલયમાં મળી આવ્યું.
- રાધનપુરમાં રૂા. ૧૭.૫૦ લાખની લૂટ, પોલીસ તપાસ તેજ ગતિએ.
- હજી પણ સુરક્ષિત રોકાણ તરીકે સોના પર રોકાણકારોની પસંદગી.
- સૂરતના ધાર્મિકનું હૃદયનું કાણું રાજ્ય સરકારે મીટાવ્યું છે, હાલમાં ખુશખુશાલ રમે છે.
- પંજાબ-બિહાર-રાજસ્થઆન પોલીસની દમન સામે સુપ્રીમની નોટીસ.
- ગુજરાત લાંચ-રૂશ્વત બ્યુરોને ૨૦૧૨માં ૨૪૦ કેસો ઝડપીને કાર્યવાહી કરી છે.
- પતિ ઉપર મનઘડત આરોપો મુકવા એ ક્રૂરતા ગણાશે : દિલ્હી હાઇકોર્ટ.
- બેંકના સફાઇ કર્મચારી કમ પટ્ટાવાળાની જગ્યા માટે એમ.બી.એ.વાળાએ અરજીઓ કરી.
- હવે સરકારી બેંકો પણ ફાટેલી ગંદી નોટો બદલી આપશે.
- હવે બેંકો પણ ફ્રીમાં એસએમએસ નહીં મોકલો, ચાર્જ કરવાની તૈયારી.
- પ્રત્યેક ૧૦૦ ગુજરાતીમાં ૭૪ પાસે મોબાઇલ સેવા ઉપલબ્ધ છે.
- મનરેગા યોજનામાં લઘુત્તમ વેતન કરતાં પણ ઓછું વેતન.
- પૂ.મોરારીબાપુ સારંગ પીંપળામાં પીરાને પીરને દરગાહે ચાદર ચઢાવશે.
- હવે ગુજરાતમાં ગુજરાત ઉર્જા વિતરણ નિગમ સ્થપાશે.
- કાર માર્કેટમાં વેચાણ વધારવા સ્કીમનો રાફડો, એકવાર ખરીદો બીજી કાર મફત મેળવો, ગુજરાત સ્કોડા વિક્રેતાએ સ્કીમ મુકી.
- રાજકોટમાં સ્વાઇન ફ્લૂનો કાળો કહેર.
- ભારતીય મૂળનાં વિદેશી તબીબોને ભારતમાં પ્રેકટીશ કરવાની મંજૂરી આપવાની વિચારણાં.
- આકરા તાપે લુનો અહેસાસ કરાવતી ગરમી.
- તા. ૨૭મી માર્ચે ક્રિકેટર યુસુફ પઠાણનાં ફિઝીયોથેરાપીસ્ટ આફિન સાથે નિકાહ પઢશે.
- જૂનાગઢના મહાશિવરાત્રીના મેળામાં ૧૫ લાખથી વધુ લોકો ભાગ લેશે.
- આજે વિશ્વ મહિલા દિનની થનારી ઉજવણી.

હવે ચીન સાથેની સરહદ પર ૩૦૦૦૦ જવાન તૈનાત થશે

નવી દિલ્હી,તા. ૭

ચીન સાથેની સરહદ પર ભારતે ૩૦૦૦૦ સૈનિકો તૈનાત કરવાની તૈયારી કરી લીધી છે. રાજ્યસભામાં સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ આ મુજબની જાહેરાત કરી હતચી. એક લેખિત પ્રશ્નના જવાબમાં એન્ટોનીએ કહ્યું હતું કે ચીન સાથેની સરહદ પર ઈન્ફ્રાસ્ટચરને વધુ આધુનિક બનાવવા માટે સરકારે તૈયારી કરી છે. આ દિશામાં પગલા લેવામાં આવી રહ્યા છે. ચીને હાલમાં તેના સંરક્ષણ બજેટમાં જંગી વધારો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે લડાયક ક્ષમતા વધારવા માટે ૧૩મી પંચવર્ષીય યોજનામાં ૩૦ ઈન્ફેન્ટરી બટાલિયન ઉભી કરવામાં આવનાર છે. તેમણે કહ્યું હતું કરે ભારતીય સેના ચીન સાથેની સરહદ પર ગોઠવણી માટે સ્ટ્રાઈકિંગ કોર્પ્સ સ્થાપિત કરવાની પણ યોજના ધરાવે છે. પ્રધાને વિગત આપતા કહ્યુ હતું કે ૧૨મી અને ૧૩મી પંચવર્ષીય યોજનામાં વધારાના જવાનો તૈનાત કરવાની હિલચાલ ચાલી રહી છે. આ જવાન માટ હેડક્વાટર્સ તરીકે પનાગઢ રહેશે. જે પશ્ચિમ બંગાળમાં છે. સરક્ષણ પ્રધાને વધુમાં માહિતી આપતા કહ્યું હતું કે જવાનોને તમામ અતિ આધુનિક સુવિધાઓખથી સજ્જ કરાશે. પ્રધાને વિગત આપતા કહ્યું હતું કે નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન સેનાના આધુનિકીકરણ માટે ૧૩૭૨૪.૧૪ કરોડની રકમ બજેટમાં ફાળવવામાં આવી છે. સંરક્ષણ સાથે કોઈ બાંધછોડ કરવામાં આવશે નહી. નાણાંપ્રધાન ચિદમ્બરમે પણ હાલમાં બજેટ રજૂ કરતી વેળા સંરક્ષણ માટેની ફાળવણીમાં વધારો કર્યો હતો સાથે સાથે એવી ખાતરી પૅણ આપી હતી કે જો વધુ જરૂર પડશે તો પણ નાણાંની ફાળવણી કરવામાં આવશે. કોઈ અડચણ સુરક્ષાને લઈને નથી. વિશ્વમાં પ્રવર્તમાન સ્થિતીમાં ચીન અને પાકિસ્તાન સહિતના દેશો સુરક્ષા પર હાલ ખાસ ધ્યાન આપી રહ્યા છે.

ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

(૪) પરમાર કેતકી એન. : સે-૨૪થી
પ્રશ્ન - માનવ શરીર દર મિનિટે કેટલા શ્વાસ લે છે?
જવાબ - ૧૬ થી ૨૦ વખત
(૫) ઠાકોર દિલીપ એ : સે-૨૮થી
પ્રશ્ન - પાકિસ્તાનનો સર્વોચ્ચ એવોર્ડ કયો છે?
જવાબ - નિશાન -એ - ઈમ્તિયાઝ (નિશાન-એ-પાકિસ્તાન)

● આ સપ્તાહનો સવાલ...?

ભારતીય જનતા પાર્ટીનાં યુવા સાંસદ વરૂણ ગાંધી કોના પુત્ર છે?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

● સાચા જવાબો :-

૬ (૫૧) ૬ (૨૧) ૬ (૬૧) ૬ (૨૧) ૧ (૧૧) ૫ (૦૧)
૬ (૨) ૧ (૭) ૫૯ (૭) ૧ (૩) ૫૯ (૫) ૫૯ (૨) ૫૯ (૬) ૬ (૨) ૫૯ (૧)

વિશ્વ મહિલા દિન (પાના નં. ૪ નું ચાલુ)

◆ ૧૯૬૭ : ઇરાનમાં કુટુંબ રક્ષક કાનૂન (Family Protection Low) હેઠળ સ્ત્રીઓને પતિની પરવાનગી વગર નોકરી કરવાની છૂટ ન હતી. આ મર્યાદા દૂર કરવામાં આવી.

◆ ૧૯૭૦ : રાત્રી પર સ્ત્રીઓનો અધિકાર સ્થાપિત કરતી (Take back the night) ની શરૂઆત થઇ. રસ્તા પર સ્ત્રીઓ અને બાળકીઓ માટે સલામતી માંગતી આ લડત દુનિયાનાં અનેક દેશોમાં પ્રસરી છે.

◆ ૧૯૭૫ : સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુ.એન.ઓ) મેક્સિકો કોન્ફરન્સમાં આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષની જાહેરાત કરી અને દુનિયાભરની સ્ત્રીઓને મહિલા વર્ષની ઉજવણી દરમિયાન અનેક કાર્યક્રમો કર્યા. ત્યાર બાદ સમાનતાં, 'વિકાસ અને શાંતિ'નાં નારા સાથે ૧૯૭૫ થી ૧૯૮૫ દરમિયાન મહિલા દશક ઉજવવાનો નિર્ણય લેવાયો.

મેક્સિકોમાં સરકારી પરિષદ ઉપરાંત સ્વૈચ્છિક સ્ત્રી સંગઠનો દ્વારા સમાંતર બિનસરકારી પરિષદ યોજાઇ. જેમાં દુનિયાભરની ૬૦૦૦ જેટલી સ્ત્રીઓએ ભાગ લીધો.

◆ ૧૯૭૯ : યુનોમાં સીડો (કન્વેન્શન ઓફ એલીમીનેશન ઓફ ફોમ્સ ઓફ ડીસ્ક્રીમીનેશન અગેઇન્સ વીમેન) સ્ત્રીઓના સંપૂર્ણ વિકાસ અને પ્રગતી માટે સ્ત્રીઓને બીબાઢાળ ભૂમિકા પર આધારિત સામાજિક અને સાંસ્કૃતિક પ્રણાલિકાઓ બદલીને જીવનમાં તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓનાં સમાન અધિકારનો ખરડો સ્વીકારાયો.

◆ ૧૯૮૦ : મહિલા દાયકા માટે નક્કી થયેલ ધ્યેયોની પ્રગતિનું મૂલ્યાંકન કરવા બદલ મધ્ય દાયકાની પરિષદ કોપન હેગનમાં યોજાઇ. જેમાં દાયકા માટે નક્કી કરેલા સૂત્રોમાં સમાનતા, વિકાસ અને શાંતિની સાથે શિક્ષણ, કામ અને સ્વાસ્થ્યના ધ્યેયોનો ઉમેરો કરવામાં આવ્યો.

◆ ૧૯૭૯ ઇરાનમાં ૫૦,૦૦૦ કરતાં વધુ સ્ત્રીઓ 'ચાદર' (બુરખો) સામે વિરોધ વ્યક્ત કરવા રસ્તા પર આવી અને ત્યાં નારીમુક્તિ આંદોલનનાં મંડાણ થયાં.

◆ ૧૯૮૦ : ભારતમાં મથુરા બળાત્કાર કેસનાં સંદર્ભમાં રાષ્ટ્રવ્યાપી બળાત્કાર વિરોધી ચળવળ શરૂ થઇ. પરિણામે સરકારને બળાત્કારને લગતા કાયદામાં કેટલાક સ્ત્રીઓ તરફી સુધારા કરવાની ફરજ પડી.

◆ ૧૯૮૧ : યુરોપની સ્ત્રીઓને સ્વતંત્ર, સલામત અને કાનૂની ગર્ભપાત માટે લડત શરૂ કરી.

◆ ૧૯૮૩ : સ્ત્રીઓની જાતીય ગુલામી સામેનાં આંતરરાષ્ટ્રીય સંકલન દ્વારા, વેશ્યા બનાવવા તથા તમામ પ્રકારની જાતિય ગુલામી સામે નેધરલેન્ડમાં મળેલ પરિષદમાં અવાજ ઉઠાવવામાં આવ્યો.

◆ ૧૯૮૫ : ૧૯૭૫ થી ૧૯૮૫ દરમિયાન ઉજવાયેલ આંતરરાષ્ટ્રીય મહિલા દશકનું સરવૈયું કાઢવા નૈરોબીમાં આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઇ. જેમાં ૨૦૦૦ ની સાલ સુધીમાં સ્ત્રીઓની પ્રગતિ માટેની આગામી રણનીતીઓ (Forward Lokking Stralegies) નક્કી કરવામાં આવી.

આ પરિષદની સમાંતરે યોજાયેલ બિન સરકારી સંગઠનોની પરિષદમાં આશરે ૧૫,૦૦૦ સ્ત્રીઓએ ભાગ લીધો.

◆ ૧૯૮૯ : કેનેડામાં એન્જિનીયરીંગ કોલેજની ૧૪ વિદ્યાર્થીઓને 'તેઓ નારીવાદી છે' કહી એક પુરૂષે તેમની હત્યા કરી. આ પ્રસંગથી કેનેડાના સમાજમાં સ્ત્રી વિરોધી મૂલ્યો કેટલાં ઊંડા છે તેની ચર્ચા શરૂ થઇ.

◆ ૧૯૯૦ : આ વર્ષ સાર્ક (દક્ષિણ એશિયાના દેશોનો સમૂહ) ના દેશો માટે બાલિકા વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું. આ દેશોમાં પ્રવર્તતા પુત્ર લાલસા (Son Prefermce) અને સ્ત્રી તિરસ્કાર (Women Jate) ને ધ્યાનમાં રાખીને સંઘર્ષો - કાર્યક્રમો થયા. ભારતમાં અનેક શહેરોમાં ગર્ભજાતિ પરિક્ષણ સામે આંદોલન, જાગૃતિ કાર્યક્રમો થયાં.